# એમપીએસઇઝેડ યુટિલિટીઝ લિમિટેડ

રજી. ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી. હાઇવે, ખોડિયાર, અમદાવાદ-૩૮૨૪૨૧.

**અરજી નં. ૨૩૨૬/૨૦૨૪ની સમરી, જેનો હેતુ (i) ના.વ. ૨૦૨૨-૨૩ ટ્રુ અપનો અને (ii) ના.વ. ૨૦૨૪-૨૫ માટે કુલ મહેસૂલી આવકની જરુરિયાત તથા દર નિર્ધારણનો છે.**

## પશ્ચાદભૂમિકાની માહિતી

- **એમપીએસઇઝેડ યુટિલિટીઝ લિમિટેડ (એમયુએલ)** ૧૯૫૬ ની જોગવાઇઓ હેઠળ ૨૦૦૮ માં નોંધાયેલી કંપની છે. તેણે ૨૮-૦૮-૨૦૧૦ થી પોતાના વેપારી ધોરણે કામકાજનો આરંભ કર્યો છે અને તે મુંદ્રામાં પોતાના પરવાના વિસ્તારમાં વિવિધ એકમોને વીજળી વિતરણ માટેનું વિતરણ નેટવર્ક સ્થાપિત કરવાની પ્રક્રિયા આગળ ધપાવી રહી છે.
- એમયુએલ મુંદ્રા વિસ્તારમાં વિતરણ પરવાનેદાર તરીકે વીજળીના વિતરણના કારોબારમાં પ્રવૃત્ત છે. એમયુએલ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ (i) ના.વ. ૨૦૨૨-૨૩ માટેના ટ્રુ અપ અને (ii) ના.વ. ૨૦૨૪-૨૫ માટે કુલ રેવન્યુની જરૂરત તથા દર નિર્ધારણ માટે જીઇઆરસી (મલ્ટી યર ટેરિફ) નિયમનો, ૨૦૧૬ તથા તારીખ ૦૫.૧૨.૨૦૨૩ના સુઓ મોટો આદેશ અનુસાર અરજી કરવામાં આવી છે.

## ના.વ. ૨૦૨૨-૨૩ માટેનું ટ્રુ અપ

- અરજદારે તેની અરજી નં. ૨૦૩૬/૨૦૨૧ હેઠળની ટેરિફ અરજીમાં ના.વ. ૨૦૨૨-૨૩ માટેના અંદાજો રજૂ કર્યા હતા અને તે મુજબ નામદાર આયોગ દ્વારા પોતાના તારીખ ૩૧-૦૩-૨૦૨૨ ના આદેશ અન્વયે વર્ષ ૨૦૨૨-૨૩ માટેના એઆરઆરને બહાલી આપવામાં આવી હતી.
- અરજદારે આ અરજીમાં ઓડિટ કરાયેલા હિસાબોના આધારે ના.વ. ૨૦૨૨-૨૩ની ટ્રુ અપ માટેની વિગતો રજૂ કરી છે.
- એમવાયટી નિયમો, ૨૦૧૬ અનુસાર વાસ્તવિક ખર્ચ અને તેની સામે બહાલી અપાયેલા ખર્ચને ધ્યાનમાં લઇને, ,અરજદારે એઆરઆરનું ટ્રુ અપ કર્યું છે, નિયંત્રણ હેઠળના તેમજ નિયંત્રણ બહારના માપદંડોના આધારે નફા અને નુકશાનની ગણતરી કરી છે.
- અરજદાર દ્વારા પોતાના પરવાના વિસ્તારમાં ના.વ. ૨૦૨૨-૨૩ માટે કરાયેલું વેચાણ ૩૮૮.૬૭ એમયુ છે. વિતરણ નુકશાન ના.વ. ૨૦૨૨-૨૩ માટે ૩.૨૫% ના અંદાજો સામે ૨.૯૪% થયું છે. જ્યારે વહન નુકશાન ના.વ. ૨૦૨૨-૨૩ માટે અંદાજિત ૧.૯૬% સામે ૦.૦૮% રહ્યું છે. તે મુજબ, ના.વ. ૨૦૨૨-૨૩ માટે ઉર્જાનું સરવૈયું વાસ્તવિક વેચાણો તથા વાસ્તવિક ટી એન્ડ ડીના નુકશાનને આધારે રજૂ કરાયું છે.
- એમયુએલ દ્વારા આ નફા/નુકશાનમાં હિસ્સાની વહેંચણી પછી ના. વ. ૨૦૨૨-૨૩ માટે વસૂલ કરવા પાત્ર ટ્રુ અપ કરાયેલા એઆરઆરની સમરી અહીં નીચે દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક ૧: ના.વ. ૨૦૨૨-૨૩ માટે ટ્રુ અપ કરાયેલી એઆરઆર**

(રૂા. કરોડમાં)

| વિગતો | | વાસ્તવિક |
|---|---|---|
| ના.વ. ૨૦૨૨-૨૩ માટે એમટીઆર આદેશમાં મંજુર કરાયેલી એઆરઆર | (એ) | ૨૮૭.૮૦ |
| બાદ: નિયંત્રણ થઇ શકે તેવા પરિબળોના આધારે થયેલી નફો/(નુકશાન) ગ્રાહકો સાથે વહેંચવાના (૧/૩) | (બી) | ૦.૦૦ |
| બાદ: નિયંત્રણ થઇ શકે નહીં તેવા પરિબળોના આધારે થયેલો નફો (નુકશાન) ગ્રાહકો સાથે વહેંચવાના | (સી) | ૯૨.૩૪ |
| ના.વ. ૨૦૨૨-૨૩ માટેના ટ્રુ અપ કરાયેલી એઆરઆર | ડી=એ-(બી+સી) | ૧૯૫.૪૬ |

- ના.વ. ૨૦૨૨-૨૩ માટે નફા અને નુકશાનની વહેંચણી કર્યા પછીના ટ્રુ અપ કરાયેલી એઆરઆર રૂા. ૧૯૫.૪૬ કરોડ છે, જ્યારે વીજળીના વેચાણમાંથી થયેલી મહેસૂલી આવક ના.વ. ૨૦૨૨-૨૩ માટે રૂા. ૨૧૭.૬૬ કરોડની છે. આ રીતે, ના.વ. ૨૦૨૨-૨૩ માટેની મહેસૂલી પુરાંત રૂા. ૨૨.૨૦ કરોડ થાય છે.
- અગાઉના વર્ષોની મંજુર કરવામાં આવેલા તફાવત સહિત ના.વ. ૨૦૨૨-૨૩ માટેની કુલ મહેસૂલી ખાધ/(પુરાંત) અને તે આગળ લઇ જવાના ખર્ચ (કેરીંઇંગ કોસ્ટ) સહિત અહીં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની છે:

**કોષ્ટક ૨: ના.વ. ૨૦૨૨-૨૩ માટેની સંકલિત મહેસૂલી ખાધ / (પુરાંત)**

(રૂા. કરોડમાં)

| વિગતો | વાસ્તવિક |
|---|---|
| ના.વ. ૨૦૨૨-૨૩ માટેની ચોકબી મહેસૂલી ખાધ/(પુરાંત) | (૨૨.૨૦) |
| ઉમેરો: ના.વ. ૨૦૨૦-૨૧ માટેની મંજુર થયેલી સંકલિત મહેસુલી ખાધ/(પુરાંત) | ૨.૧૦ |
| ઉમેરો: ના.વ. ૨૦૨૦-૨૧ની મહેસૂલી ખાધ ના.વ. ૨૦૨૧-૨૨ તથા ના.વ. ૨૦૨૨-૨૩માં આગળ જવાનો ખર્ચ (કેરીંઇંગ કોસ્ટ) | (૦.૧૦) |
| **ના.વ. ૨૦૨૨-૨૩ સંકલિત મહેસૂલી ખાધ/(પુરાંત)** | **(૨૦.૨૦)** |

## ના.વ. ૨૦૨૪-૨૫ માટેની કુલ મહેસૂલી આવકની જરૂરિયાત (એઆરઆર)

- અરજદારના પરવાના વિસ્તાર માટેની કુલ મહેસૂલી આવકની જરૂરિયાતની ગણતરી તારીખ ૦૫-૧૨-૨૦૨૩ના સુઓ મોટો આદેશના સંદર્ભમાં નામદાર આયોગ દ્વારા જીઇઆરસી એમવાયટી નિયમનો, ૨૦૧૬માં નિર્દિષ્ટ કરાયેલી માર્ગદર્શિકાઓ અનુસાર કરવામાં આવી છે. અરજદારે ના.વ. ૨૦૨૪-૨૫ માટેની એઆરઆર અહીં નીચે દર્શાવેલા કોષ્ટક મુજબ રજૂ કરી છે:

**કોષ્ટક ૩: ના.વ. ૨૦૨૪-૨૫ માટેની એઆરઆર**

(રૂ. કરોડમાં)

| માપદંડ | ના.વ. ૨૦૨૪-૨૫ |
|---|---|
| વીજળીની ખરીદીનો ખર્ચ | ૧,૨૦૫.૯૫ |
| ઓ એન્ડ એમનો ખર્ચ | ૨૫.૩૮ |
| ઘસારો | ૮.૮૯ |
| વ્યાજ અને ફાયનાન્સ ખર્ચ | ૭.૭૩ |
| સીક્યુરીટી ડીપોઝિટ ઉપરનું વ્યાજ | ૦.૫૨ |
| કાર્યકારી મૂડી ઉપરનું વ્યાજ | ૧૦.૯૪ |
| ઘાલખાધની જોગવાઇ | - |
| કન્ટીન્જન્સી રીઝર્વ | - |
| **મહેસૂલી ખર્ચ** | **૧,૨૫૯.૪૧** |
| ઇક્વિટી મૂડી ઉપરનું વળતર | ૭.૬૧ |
| આવક વેરો | ૫.૮૭ |
| **કુલ રેવન્યુ ખર્ચ** | **૧,૨૭૨.૮૯** |
| બાદ: ટેરિફ સિવાયની આવક | ૧૦.૯૩ |
| **મહેસૂલી આવકની કુલ જરૂરિયાત** | **૧,૨૬૧.૯૭** |

## મહેસૂલી ખાધ/(પુરાંત)

- હાલના દરોએ ના.વ. ૨૦૨૪-૨૫ માટે અંદાજિત મહેસૂલી આવક રૂ. ૧,૨૩૧.૪૯ કરોડની થાય છે, જેની સામે અંદાજિત એઆરઆર રૂ. ૧,૨૬૧.૯૭ કરોડની છે.
- અરજદારે ના.વ. ૨૦૨૪-૨૫ માટેની અંદાજિત મહેસૂલી ખાધ/(પુરાંત) નક્કી કરવા માટે ના.વ. ૨૦૨૨-૨૩ની સંકલિત મહેસૂલી ખાધની સાથે તેની ના.વ. ૨૦૨૨-૨૩ની સુધીની સંકલિત ખાધ ઉપરની કેરીઇંગ કોસ્ટ પણ ગણતરીમાં લીધી છે. આ રીતે, ના.વ. ૨૦૨૪-૨૫ માટેની અંદાજિત મહેસૂલી ખાધ રૂ. ૧૦.૨૮ કરોડ થશે. જે અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક ૪: હાલના દરે ના.વ. ૨૦૨૪-૨૫ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત)**

(રૂ. કરોડમાં)

| વિગતો | ના.વ. ૨૦૨૪-૨૫ |
|---|---|
| ના.વ. ૨૦૨૪-૨૫ માટેની અંદાજિત એઆરઆર | ૧,૨૬૧.૯૭ |
| ઉમેરો: ના.વ. ૨૦૨૨-૨૩ માટેની સંકલિત મહેસૂલી ખાધ/(પુરાંત) | (૨૦.૧૦) |
| ઉમેરો: ના.વ. ૨૦૨૨-૨૩ સુધીની સંકલિત ખાધ આગળ લઇ જવાની કેરીઇંગ કોસ્ટ | (૦.૧૦) |
| હાલના દરે ના.વ. ૨૦૨૪-૨૫ માટેની અંદાજિત મહેસૂલી આવક | ૧,૨૩૧.૪૯ |
| ના.વ. ૨૦૨૪-૨૫ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત) | ૧૦.૨૮ |

## ના.વ. ૨૦૨૪-૨૫ માટેની દરની દરખાસ્ત

- ના.વ. ૨૦૨૪-૨૫ માટેની અંદાજીત મહેસૂલી ખાધ હાલના દરે અંદાજે ૨,૧૦૫.૧૫ એમયુના વેચાણ સામે રૂ. ૧૦.૨૮ કરોડની રહેશે.
- અરજદાર ગ્રાહકોની સર્વ શ્રેણી માટે મોજૂદ ટેરિફ ચાલુ રાખવાનો પ્રસ્તાવ મૂકે છે.

## ના.વ. ૨૦૨૪-૨૫ માટેની દર સૂચિ

- અરજદાર નીચે મુજબ 1લી એપ્રિલ, 2024થી અમલ સાથે પ્રસ્તાવિત ટેરિફ ધરાવે છે:

**કોષ્ટક ૫: એમયુએલના પરવાના વિસ્તાર માટેની દર સૂચિ**

| ક.નં. | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧ | રહેઠાણ | **ફિક્સ્ડ ચાર્જ**<br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂ. ૩૦/-<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂ. ૪૫/- | પહેલા ૨૫૦ યુનિટ | ૪૨૦ પૈસા/યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૪૭૦ પૈસા/યુનિટ |
| | | **બીપીએલ ઘરગથ્થુ ગ્રાહકો માટે**<br>દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂ. ૫/- | પહેલા ૫૦ યુનિટ | ૨૫૦ પૈસા/યુનિટ |
| | | | બાકીના યુનિટ | રહેઠાણ મુજબ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | **કોમર્સિયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂા.૧૦૦/- | પહેલા ૧૫૦ યુનિટ<br>બાકીના યુનિટ | ૪૭૦ પૈસા/યુનિટ<br>૪૯૫ પૈસા/યુનિટ |
| ૩ | **કોમર્સિયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ) | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૩૭૦ પૈસા/યુનિટ |
| ૪ | **ઇન્ડસ્ટ્રીયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂા. ૧૦૦/- | પહેલા ૧૫૦ યુનિટ<br>બાકીના યુનિટ્સ | ૪૪૫ પૈસા/યુનિટ<br>૪૭૦ પૈસા/યુનિટ |
| ૫ | **ઇન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ) | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડની વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૩૭૦ પૈસા/યુનિટ |
| ૬ | **સ્ટ્રીટ લાઇટ્સ** | | સમગ્ર વપરાશ | ૪૨૦ પૈસા/યુનિટ |
| ૭ | **ટેમ્પરરી ડીમાન્ડ** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડની વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૪૪૫ પૈસા/યુનિટ |
| ૮ | **એલટી-ઇલેક્ટ્રીક વેહિકલ (ઇવી) ચાર્જીંગ સ્ટેશન** | દર મહિને દરેક ઇન્સ્ટોલેશન દીઠ રૂા. ૨૫/- | સમગ્ર વપરાશ | ૪૧૫ પૈસા/યુનિટ |
| ૯ | **એચટીએમડી-I** | **એ) ગ્રાહકની બિલિંગ ડીમાન્ડ, જે**<br><u>૧) ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે</u><br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ | ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ | ૪૧૦ પૈસા/યુનિટ |
| | | <u>૨) ૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે</u><br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૧૧૦ પૈસા/યુનિટ<br>**બી) કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br><u>૧) ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</u><br>૧૨૫ પૈસા/યુનિટ<br><u>૨) ૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</u><br>૧૫૦ પૈસા/યુનિટ | ૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ | ૪૫૦ પૈસા/યુનિટ |
| ૧૦ | **એચટીએમડી-II** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે) | સમગ્ર વપરાશ | ૫૪૫ પૈસા/યુનિટ |

<table>
<tr><td></td><td></td><td>૧૦૦ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૫૦ પૈસા/યુનિટ</td><td></td><td></td></tr>
<tr><td>૧૧</td><td>એચટીએમડી-III</td><td rowspan="2">**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ</td><td>સમગ્ર વપરાશ</td><td>૩૭૦ પૈસા/યુનિટ</td></tr>
<tr><td>૧૨</td><td>એચટીએમડી-IV</td><td>સમગ્ર વપરાશ</td><td>૩૭૦ પૈસા/યુનિટ</td></tr>
<tr><td>૧૩</td><td>એચટી-ઇલેક્ટ્રીક વેહિકલ (ઇવી) ચાર્જીંગ સ્ટેશન્સ</td><td>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>રૂા. ૨૫ પ્રતિ કેવીએ દર મહિને<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>રૂા. ૫૦ પ્રતિ કેવીએ દર મહિને</td><td>સમગ્ર વપરાશ</td><td>૪૧૦ પૈસા/યુનિટ</td></tr>
<tr><td>૧૪</td><td>રેલવે ટ્રેક્શન</td><td>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>રૂા. ૧૮૦ પ્રતિ કેવીએ દર મહિને<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>રૂા. ૪૨૫ પ્રતિ કેવીએ દર મહિને</td><td>સમગ્ર વપરાશ</td><td>૫૯૦ પૈસા/યુનિટ</td></tr>
</table>

**નોંધ:**

૧ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ – કોમર્સિયલ ડીમાન્ડ આધારિત, ઇન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ આધારિત, એચટીએમડી-I, એચટીએમડી-II, એચટીએમડી-III, એચટીએમડી-IV તથા રેલવે ટ્રેક્શનને લાગુ પડે છે.

પાવર ફેક્ટરમાં દરેક ૧% ના સુધારા દીઠ રીબેટ આપવામાં આવે છે.

પાવર ફેક્ટર ૯૦% થી ૯૫% - ૦.૧૫ પૈસા/યુનિટ

પાવર ફેક્ટર ૯૫% થી વધુ – ૦.૨૭ પૈસા/યુનિટ

પાવર ફેક્ટરમાં દરેક ૧% ના ઘટાડા માટે દંડ વસૂલ કરવામાં આવે છે.

પાવર ફેક્ટર ૯૦% થી ઓછો – ૩.૦૦ પૈસા/યુનિટ

૨ એફપીપીપીએ ચાર્જીસ – લાગું પડતા હોય તે મુજબ

૩ એચટીએમડી-I, એચટીએમડી-II, એચટીએમડી-III, એચટીએમડી-IV તથા રેલવે ટ્રેક્શનને ઇએચવી ખાતે સપ્લાય માટે રીબેટ આ મુજબ અપાય છે:

| **એનર્જી ચાર્જીસ ઉપર** | | **રીબેટ @** |
|---|---|---|
| ૧ | સપ્લાય ૧૧ કેવી હોય તો | ૦.૦% |
| ૨ | સપ્લાય ૩૩ કેવી હોય તો | ૧.૦% |
| ૩ | સપ્લાય ૬૬ કેવી અને વધુ હોય તો | ૨.૦% |

**નોંધ:** ઉપરોક્ત રીબેટ ફક્ત માસિક ધોરણે લાગું પડશે અને જે ગ્રાહકોના અગાઉના બિલના લેણા પડતર હશે, તેઓ ઉપરોક્ત રીબેટ મેળવવાને પાત્ર નહીં ગણાય, જો કે, જે ગ્રાહકોના બાકી લેણાની વસૂલાત સાતે યોગ્ય અધિકારી/કોર્ટ દ્વારા મનાઇહુકમ ફરમાવાયો હોય તેમને લાગું પડતો રીબેટ અપાશે.

| | | |
|---|---|---|
| ૧૫ | **ગ્રીન ટેરિફ** | • કેડબ્લ્યુએચ દીઠ રૂા. ૧.૫૦ નું ગ્રીન ટેરિફ, જે ટેરિફ આદેશ અનુસાર સંબંધિત શ્રેણીના સાધારણ ટેરિફથી ઉપરાંત તેમની માગણીને પહોંચી વળવા માટે ગ્રીન એનર્જી અપનાવનારા ગ્રાહકોને લાગુ કરાશે.<br>• સર્વ ગ્રાહકો (એક્સ્ટ્રા હાઈ વૉલ્ટેજ, હાઈ વૉલ્ટેજ અને લો વૉલ્ટેજ) ગ્રીન પાવર ટેરિફની ચુકવણી પર આરઈ પાવર અપનાવવા માટે પાત્ર રહેશે.<br>• આ વિકલ્પ બિલિંગના સમયગાળાના આરંભ પૂર્વે લેખિતમાં વિતરણ લાઈસન્સીને બિલિંગ ચક્રની સૂચના આપીને ગ્રાહકો દ્વારા અજમાવી શકાય છે. |